

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ફરજ ને મોઢે પદનો ડૂચો, સત્ય બોલતા નથી!*
*છૂપાવે સરકારી સત્યો ને રહસ્યો ખોલતા નથી!*
*તોલતા નથી ન્યાય ને પટપટાવે પૂંછ પ્રેમથી -*
*થાય સમાજમાં ખળખળાટ છતાં ડોલતા નથી!*
*(શેરીમાં સૂરા)*

હાઈકુ

*નિવૃત્તિ દિને,*
*ખોલે છે ખટપણો -*
*વેરે વટાણા*

*હોય છે ખૂદ*
*પાપના ભાગીદાર*
*બગ-ભકત!*

### ચિંતન

***એહિકમપ્યપ્રસ્તુતપ્રતબંધે તદર્શનાત્ ।***
***ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.***

**કોઈ પ્રકારનો પ્રતિબંધ પેદા ના થાય તો બ્રહ્મજ્ઞાનથી સર્વ પ્રકારના દુઃખોમાંથી તથા બંધનોમાંથી છુટાય છે અને પરમાત્માન સાક્ષાત્કાર દ્વારા પરમ શાંતિ સાંપડે છે, તો એ ફળની પ્રાપ્તિ આ જ જન્મમાં થાય છે કે બીજા જન્મમાં, એનું સ્પષ્ટીકરણ કરતાં કહેવામાં આવે છે કે સાધક સર્વ પ્રકારની સુયોગ્યતાથી સંપન્ન અને એના જીવનમાં કોઈ વિક્ષેપ કે વિઘ્ન પેદા ના થાય તો એક જ જન્મમાં અને એથી ઊલ્ટું બને તો જન્માંતરમાં ફળપ્રાપ્તિ કરી શકે છે.**

**કરેલી સાોધના કદી નકામી જતી નથી. કઠોપનિષદમાં કહ્યું છે કે, 'આ જ જન્મમાં પરમાત્માને જાણી લો તો સારું છે.' ગીતાના છઠ્ઠા અધ્યાયમાં જણાવ્યું છે કે અધૂરી રહેલી સાધનાવાળા યોગીઓ પૂર્વ સંસ્કારોના અનુસંધાનમાં બીજા જન્મમાં વળી સાધના કરે છે ને સિદ્ધિ મેળવે છે.**

### સુવિચાર

- જયારે માણસ નવી નકોર વિચારપદ્ધતિ જાતે શોધી કાઢે છે ત્યારે જ તે સિદ્ધિ મેળવે છે - **સ્વેટ માર્ડન**
- સારા વિચારોથી જયારે મન ભરપૂર થશે ત્યારે આત્મા-પ્રેરણા ઉદ્‌ભવશે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારા મનના નગરને આશાના તોરણથી શરગારી દો,
  સુખના અતિથિ ગમે ત્યારે આવી પહોંચશે - **ઓશો**
- કામની શરુઆતમાં જે દસ મુશ્કેલીઓ જણાય છે તેમાં કામ ચાલુ કર્યે, નવ ઊભી થતી જ નથી. માત્ર એક જ ઊભી થાય છે! આ એ અદ્‌ભૂત સત્ય છે - **સ્ટીફન કોવી**
- તમે બીજા કરતાં ઊતરતા છો, એવું માનવાની જરૂર નથી. દરેક કોઈને કોઈ વાતે નબળો હોય છે, તમને તમારી નબળાઈ છુપાવતાં આવડવું જોઈએ - **ભૂપત વડોદરિયા**
- સન્માનને ઝંખવા કરતાં સન્માન યોગ્ય પાત્રતા કેળવવી.
  સંપત્તિમાન નહીં, પણ સ્મૃદ્ધિવાન થવું - **ભારતી શાહ**
- આજનું ઔષધ : અરડૂસીના પાનનો તાજો રસ પીવાથી રક્તપિત્ત, ફલુ, ક્ષય, અને કમળામાં ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શ્રીમદ્ રામચંદ્ર પંદરેક વર્ષના હતા ત્યારે મોરબીમાં મિત્રો સમક્ષ આઠ અવધાન કરી બતાવ્યા. એક સાથે ઘણા બધા કામ કરવા તેને અવધાન કહેવામાં આવે છે. એના પછી એકાદ અઠવાડિયા બાદ ઘણા આગ્રહ કરવાથી બે હજાર લોકો સમક્ષ બાર અવધાન કરી બતાવ્યા. મોરબીના રાજા એ શ્રીમદ્ રાજચંદ્રના પિતાને જણાવ્યું કે તમારો દીકરો તો કોઈ દૈવીપુરુષ છે. થોડાક સમય બાદ બોટાદમાં બાવન અવધાનો કરી બતાવ્યા. સંવત ૧૯૪૩માં માત્ર ઓગણીસ વર્ષની વયે મુંબી મુકામે ફરામજી કાવસજી ઈન્સ્ટિટયુટમાં ડૉ. પીટરસનની હાજરીમાં હજારો પ્રેક્ષકો સમજ શ્રીમદે શતાવધાન (સો અવધાન)નો સફળ પ્રયોગ કરી બતાવ્યો હતો. ત્યારે 'મુંબઈ સમાચાર' તથા 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' જેવા સમાચારપત્રોએ શ્રીમદ્‌ના અદ્‌ભૂત શક્તિન્ઓ વિષેના લેખ પ્રગટ થયા હતા. આશ્ચર્યકારક સ્મરણશક્તિના અવધાનોથી પ્રભાવિત થઈ. તેઓને 'સાક્ષાત્ સરસ્વતી'નું બિરુદ આપવામાં આવ્યું હતું. સર ચાર્લ્સ તેમને યુરોપમાં પણ આધ્યાત્મિક તથા આત્મિક શક્તિઓ દર્શાવવાનું આમંત્રણ આપ્યું હતું. પણ જ્ઞાન વેચીને કીર્તિ કે કાચન ભેગું કરવાની લાલસા તેમને કદી ન હતી. માત્ર વીસ વર્ષની વય પછી આત્મોન્નતિમાં બાધક જણાવાથી આ અવધાનોનો તેમણે ત્યાગ કર્યો હતો.

# સર્જિલ સ્ટ્રાઈકને રાજકીય રંગ ન આપીએ

**તંત્રીસ્થાનેથી...**

દેશના સત્તાપક્ષ અને વિરોધ પક્ષ પાસે જાણે મુદ્દા ખૂટી પડ્યા હોય તેમ હવે તેણે સર્જીકલ સ્ટ્રાઈકને રાજકીય મુદ્દો બનાવવાની દિશામાં દોડ લગાવી છે અને આ કારણે આ મુદ્દો રાજકીય રંગ પકડવા પણ લાગ્યો છે.

ઉત્તરી કમાન્ડર રહી ચૂકેલા નિવૃત્ત લેફ. જનરલ ડી એસ હુડ્ડાએ એવું નિવેદન કર્યું કે સર્જિકલ સ્ટ્રાઈકનો બહુ પ્રચાર કરવાની જરૂર નથી. રાહુલ ગાંધીએ આ વાતને પકડી લીધી અને ભાજપ પર પ્રહારો કર્યા, કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલે પણ જણાવ્યું કે નરેન્દ્ર મોદીની નિમ્નકક્ષાની રાજનીતિને સૈન્યના પૂર્વ અધિકારી હુડ્ડાએ ખુલ્લી પાડી દીધી છે. આપણા દેશના જવાનોનાં બલિદાન અને લોહીનો ઉપયોગ કોઈપણ પક્ષ પોતાના રાજકીય રોટલા શેકવા માટે ન કરી શકે.

સૈન્યના વડા બિપિન રાવતે પણ કહ્યું કે હુડ્ડાએ સૈન્યમાં બહુ મહત્ત્વની કામગીરી કરી છે અને હું પણ તેમનું સન્માન કરું છે. તેમના આ વ્યક્તિગત નિવેદન અંગે હું કોઈ ટીપ્પણી કરવા માગતો નથી.

ચિદમ્બરમે પણ આ મામલે હુડ્ડાનું સમર્થન કરીને ભાજપ પર નિશાન સાધ્યું હતું અને અન્ય મુદ્દાઓ અંગે પણ વર્તમાનની ટીકા કરી હતી.

હુડ્ડાની વાતમાં દમ તો છે. બે વર્ષ પહેલાં સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી ત્યારે તેનો જોરશોરથી પ્રચાર વર્તમાન કેન્દ્ર સરકાર દ્વારા જ કરવામાં આવ્યો હતો. મીડિયા અને સોશિયલ મીડિયાની સહાયથી આ મુદ્દાને બહુ જ ચગાવવામાં આવ્યો હતો અને જાણે કોઈ મોટું પરાક્રમ કરી નાખ્યું હોય એવી હાઈપ આ મુદ્દાને આપવામાં આવી હતી, જે ખરેખર જરૂરી નહોતું જ. આ તો એવી વાત થઈ કે જે કાર્યો માટે સરકાર રચવામાં આવી હોય તે કાર્યો કર્યા પછી સરકાર ઢંઢેરા પીટે કે અમારા દ્વારા આ કાર્ય કરવામાં આવ્યું.

સર્જિકલ સ્ટ્રાઈક એ દેશનાં સંરક્ષણ માટે જરૂરી મુદ્દો છે. અને આવાં કાર્યો એ સરકારે કરવાનાં જ હોય છે. એમાં આટલી ધમાલ શેના માટે?

આવાં જરૂરી કાર્યો કરવામાં નહીં આવે તો દેશની સુરક્ષા પર પ્રશ્નાર્થ સર્જાઈ જશે અને દુશ્મન તત્ત્વો જોરમાં આવી જશે. એ જરૂરી કામ છે, નિયમિત કામ છે ને સરકારે કરવાનું જ છે. તોય કર્યા પછી પરાક્રમ કર્યું હોય એવી ભાવના શા માટે સરકાર દર્શાવી રહી છે એ કોઈને પણ સ્પષ્ટ સમજાઈ જાય એવી બાબત છે. એટલે સુધી કે ઘટનાના બે વર્ષ પછી પણ સત્તાપક્ષ એ ઘટનાનો ઉલ્લેખ પોતાની વીરતા સાબિત કરવા માટે કરે છે!

લોકોનાં દિલ જીતવાં હોય તો સક્ષમ મુદ્દા ઘણા છે અને પોતાના લાંબા કાર્યકાળમાં કેટલાંક ઠોસ કામ કર્યાના મુદ્દા પણ વર્તમાન શાસક પક્ષ પાસે હશે જ, છે જ. એ મુદ્દાનો ઉપયોગ કરવો જોઈએ. કારણ કે હવે મીડિયા સક્ષમ થતાં સામાન્ય લોકો પણ નાનામાં નાની વાતથી અવગત હોય છે અને કોને મુદ્દો કહેવાય ને કોને મુદ્દો બનાવી દેવામાં આવ્યો છે એ સમજી શકે એટલા સમજદાર પણ છે.

સરકારે પોતાની કિંમત ઓછી ન કરવી હોય તો આવાં કાર્યોને રાજકીય રંગ આપવો બંધ કરવો જ રહ્યો એ વાત નિશ્ચિત છે.

# ગુજરાત રાજયની નવી પાર્કિંગ પોલીસી

**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**



બે મહિના પહેલા તૈયાર કરાયેલી પાર્કિંગ પોલીસી બાયોલોઝને રાજય સરકો મંજુરી આપી છે. મહાનગર પાલિકાના જાહેર રસ્તા ઉપર સર્જાતી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે કડક કાર્યવાહી કરી શકાશે. શહેર રસ્તાઓ ઉપર ખાસ કરીને સોસાયટીઓ બહાના મુખ્ય રસ્તાઓ ઉપર કરવામાં આવતા પાર્કિંગ ઉપર હવેથી નિયંત્રણ આવી જશે.

પાલિકાને નડતર રૂપ પાર્ક કરાયેલા વાહનો ટોઈંગ કરવાની, લોક મારવાની, દંડ કરવાની સત્તા તથા સજા કરવાની, શિક્ષાત્મક પગલા ભરવાની સત્તા મળશે. પાર્કિંગ અને નોન પાર્કિંગ ઝોન પણ હવેથી પાલિકા જ જાહેર કરશે એટલું જ નહિ વાહનોને ડિસ્પોઝ કરવાની પણ જોગવાઈ છે તે માટે પાર્કિંગ સેલ બનાવી એકઝીકયુટીવ ઈજનેર સહિતના સ્ટાફ મુકવામાં આવશે જે સંપૂર્ણ કાર્યવાહી કરશે.

હવેથી નો પાર્કિંગ ઝોનમાં મુકવામાં આવેલા વાહનો ઉપાડવાની સત્તા પાલિકા પાસે આવી જશે. માથાના દુઃખાવા સમાન રીંગ રોડ પર ૫૦ ટકા વાહનો પાર્ક થતા હોય છે તેવી રીત મોટા ભાગના રસ્તાઓ તેને જોડતા આંતરીક માર્ગો જેવા શહેરમાં ઘણા સ્થાો છે ત્યાં ઓન સ્ટ્રીટ પાર્કિંગ દર વસુલવામાં આવશે તેવી જ રીતે મલ્ટી લેવલ પાર્કિંગ, ઓપન પ્લોટ, બીજી જાહેર સ્થળો ઉપર થતા પાર્કિંગ વાહનો ઉપર ઓફ સ્ટ્રીટ પાર્કિંગ દર વસુલવામાં આવશે જેમાં ઓનસ્ટ્રીટ પાર્કિંગ દર વધારે રાખવામાં આવશે.

મહાનગર પાલિકાએ પોલીસી અને પાર્કિંગ બાયોલોઝ તૈયાર કરીને ૧૦/૮/૨૦૧૮ ના રોજ રાજય સરકારમાં જમા કરાવી મંજુરી માટે મુકેલ છે. સુરત, અમદાવાદ જેવા મહાનગરપાલિકાના વિસ્તારો માટે આ પોલીસી બીજા શહેરમાં અમલમાં મુકવા માટે રાજય સરકારે વિસ્તૃત રીતે ચર્ચા કરી સુધારા વધારા કરી પાર્કિંગ બાયોલોઝ અમલમાં મુકવા તૈયારીઓ શરૂ કરેલ છે. આગામી દિવસોમાં રાજયના સ્માર્ટ સીટીથી આનો અમલ શરૂ કરવામાં આવશે હાલમાં ટ્રાફિક સીગ્નોલો નથી ત્યાં સીંગ્નલો નાંખવાનો તથા તેને કોમ્પ્યુટર રાઈઝ કરવાનો પ્લાન ચાલે છે જેથી ટ્રાફિક નિયમ ભંગ કરનારને યોગ્ય રકમના દંડનો ઈ મમો તેના ઘરેજ મળી જશે તેવી વ્યવસ્થા ગોઢવવામાં આવી છે. હવેથી લેન ક્રોસ કરનારને પણ ઈ મેમાનો ભોગ બનવું પડશે જેથી લોકોમાં ટ્રાફિક અવેરનેસ આવશે તથા અકસ્માતોનું પ્રમાણ પણ ઘટશે. મુખ્ય રસ્તાઓ ઉપર સ્પીડલીમીટ નક્કિ કરવામાં આવશે આ ટ્રાફટને પણ રાજય સરકારે મંજુરી આપી દીધી છે. જેથી શહેરમાં પાર્કિંગ પોલીસી અને પાર્કિંગ સમસ્યા હળવી કરવા પાલિકા અસરકારક પગલા ભરી શકશે. પાલિકા માટે આ ગૌરવપૂર્ણ બાબત છે. પાલિકાએ તૈયાર કરેલ પાર્કિંગ પોલીસી બાયલોઝ હવે શહેર સાથે તથા રાજયના અન્ય શહેરોમાં પણ લાગુ પડશે જે દેશમાં દ્રષ્ટાંતરૂપ હશે.

પાર્કિંગ પોલીસીને મંજુરી મળતા પ્રુફ ઓફ પાર્કિંગ રોડ પાર્કિંગમાં લોકો પોતાના ઘર અને ઓફિસના સ્થાને પાર્કિંગ માટે શેટ કરી શકશે એટલે કે ઘરથી નોકરી એ જતા ઘર પાસેની પાર્કિંગ સ્થાન ખાલી રહેતો હોય તો તે સ્થાન અન્ય લોકોને પાર્કિંગ માટે એલોટ કરી શેર કરી શકશે એટલુ જ નહિ પણ રહેણાંક અને કોર્મશીયલ મીલ્કતોમાં વધારાની પાર્કિંગ જગ્યા અન્ય જરૂરીયાતમંદોને વાપરવા આપવાની પાર્કિંગ હિસ્સેદારી કરવાની નવી વ્યવસ્થા ઉભી થશે. પાલિકાની જગ્યામાં પહોળા રસ્તા ઉપરના પાર્કિંગ અંગે પાલીકા પાર્કિંગ પરમીટ આપશે તેનો ચાર્જ પબ્લીક પાસેથી વસુલ કરી શકશે જેથી નવી વધારાની આવક પણ પાલિકાને થશે. શેરી, મહોલ્લાની જગ્યાએ જયાં દુકાનો બની ગઈ છે ત્યાં ઈમ્પેકટ ફી ભરાવીને બાંધકામ રેગ્યુલર કરી દીધા છે હવે આવી જગ્યાએ લોકો પાર્કિંગ કરશે તો ઝઘડા થવાની શકયતા રહેલી હોવાથી આ બાબત પાલિકા તથા રાજય સરકારે વિચાર માંગી લે તેવી છે.

નવી પાર્કિંગ પોલીસી ડિસેમ્બર-૨૦૧૮ માં જ લાગુ પાડવાનો રાજય સરકારનો વિચાર છે. જે લગત એક નવું નોટીફિકેશન બહારપાડવામાં આવશે. લોકોને જાગૃત કરવામાં આવશે. ટાઉન પ્લાનીંગ ઓફિસર દ્વારા અઠવાડીયામાં આવું નોટીફિકેશન બહાર પાડવાની શકયતાઓ રહેલી છે.

શહેરમાં દિવસ રાત દોડતી મોટી લકઝરી બસો ઉપર નિયંત્રણ આવશે હવેથી વાહન ખરીદનાર પહેલા પાર્કિંગ પ્લેસના પુરાવા વાહન માલીકકે રજુ કરવા પડશે તો જ વાહન એલોટ થશે. દિવ્યાંગ વાહનો નિશુલ્ક પાર્ક થશે આ માટે સીમ્બોલ વાહન ઉપર લગાડવામાં આવશે. ઈલેકટ્રીક ચલણ ડેબીટ, ક્રેટીડ કાર્ડ મોબાઈલથી ચુકવણીની વ્યવસ્થા વેબસાઈડ પણ આ માટે બહાર પાડવામાં આવશે. જેથી વાહન ચાલકોને દંડની રકમ ભરવામાં મુશ્કેલી ઉભી ના થાય.

# એક કામ પૂર્ણ કરી તરત બીજું ન ઉપાડો

**WhatsApp ઑફ ધી વીક**
**નેહલ ગઢવી**



જો કોઈ પણ બાળક 'પોતે અપૂર્ણ છે' એવી માન્યતા સાથે મોટું થાય છે, તો વાલી તરીકે એ આપણી સૌથી મોટી અપૂર્ણતા છે!!

- ડૉ. નિમિત્ત ઓઝા

તમને નિશાળે મોકલવામાં આવે છે, કસરત કરવાનું કહેવામાં આવે છે. (શરીર અને મન બંનેની), તે શું તે ધારો છો કે તમને હેરાન કરવા માટે કરવામાં આવે છે? ના, તમારે માટે આ વસ્તુઓ જરૂરની છે.

પોતાના વ્યક્તિત્વના ઘડતરમાં માણસને જે જે અનુભવોની જરૂર રહે છે તે બધા અનુભવો માણસે કોઈની પણ મદદ વિના જો કેવળ પોતાની મેળે જ મેળવવાને રહે, તો તો પછી તમે અસ્તિત્વમાં આવવાનું કાર્ય શરૂ કરો તે પહેલાં જ તમારું મૃત્યુ થઈ જાય. અને એટલા માટે જ આપણા જીવનમાં આપણે બીજાના અનુભવોનો ઉપયોગ કરી લેવાનો રહે છે. સેંકડો અને હજારો વર્ષોથી માણસ જાતિ પોતાના આ અનુભવોનો સંચય કરી રહેલી છે. તમે જે લોકો પાસેના અનુભવો હોય છે તે તમને કહેતા રહે છે કે, તમારે ઝડપથી આગળ વધવું હોય, જે વસ્તુને શીખતાં સેંકડો વર્ષો લાગ્યાં છે તે તમારે થોડાંક વરસોમાં જ જો શીખવી હોય, તો પછી આ કરો, તે કરો, આ રીતે કરો, તે રીતે કરો, વાંચન કરો, અભ્યાસ કરો. અને એમ તમે એક વાર તમારા રસ્તે ચડી જશો તો પછી, તમારામાં જો પ્રતિભાની શક્તિ હશે તો તમે વિકાસની તમારી પોતાની પદ્ધતિ પણ શોધી લઈ શકશો. પણ શરુઆતમાં તો તમારે કેવી રીતે પોતાના પગ પર ઊભા રહેવું, કેવી રીતે ચાલવું એ શીખવાનું જ રહે છે. પોતાની મેળે જ બધું કરવું એ કોઈ સહેલી વાત નથી. એટલા માટે તો માણસને કેળવણીની જરૂર રહે છે.

કેટલાંક બાળકો ઘણાં અવ્યવસ્થિત હોય છે. વસ્તુઓને સુઘડ રીતે કેમ રાખવી એ તેમને આવડતું નથી હોતું. વસ્તઓ સાચવવી કેવી રીતે, એ પણ એમને આવડતું નથી. તેઓ વસ્તુઓને ખાઈ નાખે છે યા તો બગાડી મૂકે છે.

કેટલાંક બાળકો પોતાનાં કપડાં ઉતારીને ગમે તેમ, આડાં-અવળાં ફેંકી દે છે, અથવા પોતાનું કામ કરી લીધા પછી પોતાના પુસ્તકો, કાગળ-પેન્સિલ કે ખડિયો-કલમ પોતે કયાં મૂકી દે છે તેનો તેમને ખ્યાલ પણ નથી રહેતો. ફરી પાછું જયારે કામ કરવાનું આવે છે ત્યારે આ બધાંને શોધવાં કે ભેગાં કરવા એ ભારે કામ થઈ પડે છે. આ બધું એટલું જ બતાવે છે આવું બાળક માત્ર બાહ્ય રીતે નહિ પણ એની અંદરમાં પણ અવ્યવસ્થિત હોય છે. કેટલાક માણસો તો સ્થૂળ વસ્તુઓ પ્રત્યે, પોતાને કદાચ મહાપુરુષ માની લઈને, તિરસ્કાર પણ ધરાવતો હોય છે. પરંતુ શ્રીઅરવિંદ કહે છે કે જે લોકો વસ્તુઓની સંભાળ રાખી શકતા નથી તેઓ તે વસ્તુઓને રાખવાને લાયક જ હોતા નથી. એવા લોકોને વસ્તુઓ માગવાનો હક જ નથી. અને હું કહું છું કે આળી મનોદશા પાછળ એક રીતનો ઉગ્ર અહંકાર જ હોય છે, એક ઘણો જ મોટો આંતરિક ગોટાળો હોય છે.

કેટલાક લોકોના ઓરડા જોશો તો બહુ સ્વચ્છ અને સુઘડ દેખાતા હોય છે. પણ તેમનું કપાટ ખોલીને જોશો, ટેબલનું ખાનું ઉઘાડશો તો ત્યાં તમને એક સમારંગણ જેવું નજરે પડશે. અંદર જોશો તો બધું ભેળસેળ પડેલું હશે. આવા લોકોનું મગજ પણ એવી જ હાલતમાં હોય છે. તેમના કબાટમાં વસ્તુઓ પડેલી હોય છે તેવી જ રીતે તેમના નાનકડા મગજમાં પણ વિચારો સેળભેળ પડેલા હોય છે. આ લોકો પોતાના વિચારોને વ્યવસ્થિત કરેલા હોતા નથી, બરાબર ગોઠવેલા નથી હોતા.

આ વસ્તુઓ તમે એક પાકા નિયમ તરીકે સમજી લેજો. મેં એક પણ માણસ એવો જોયો નથી કે જે પોતાની વસ્તુઓને ગમે તેમ પડી રહેવા દેતો હોય અને છતાં તેમનું મગજ બુદ્ધિપૂર્વક કામ કરતું રહેતું હોય. એવી વ્યક્તિના મગજમાં વસ્તુઓની પેઠે વિચારો પણ ગમે તેમ આડાઅવળા પડેલા હોય છે. કશા પણ મેળ વિનાના, એકબીજાથી તદ્દન વિરુદ્ધના એવા વિચારો તેના મગજમાં એક જાળું બનીને પડેલા હોય છે.

પણ હું તમને એક વ્યક્તિની વાત કહીશ. એ વ્યક્તિ પુસ્તકો અને કાગળોના ઢગલાની વચ્ચે જ રહેતી હતી. અમે એમના ખંડમાં દાખલ થાઓ તો તમને જયાં જુઓ ત્યાં પુસતકોના અને કાગળોના ગંજ પર ગંજ ખડકાયેલા દેખાય. પણ તમે જો ભૂલેચૂકે એમાંથી એક પણ ચીજને આઘીપાછી કરી તો તમારું આવી જ બન્યું સમજવું! એ વાતની એમને બરાબર ખબર પડી જવાની અને તે તરત જ પૂછવાના કે એણના કાગળોને કોણ હાથ અડાડ્યો છે. એમના ઓરડામાં કેટલીયે ચીજો રહેતી. અને તમે અંદર દાખલથાઓ તો કેવી રીતે ચાલવું એ પણ સમજાય નહિ. પણ એ ઓરડામાંની દરેક ચીજનું - નોટબુકો, પત્રો, કાગળો, એમ દરેકનું - પોતાનું ચોક્કસ સ્થાન હતું. બધું વ્યવસ્થિત રીતે ગોઠવાયેલું રહેતું. એમાં તમે કોઈ પણ ફેરફાર કરો તો તેની તેમને ખબર પડી જ જાય. આ વ્યક્તિ તે શ્રીઅરવિંદ હતા. અર્થાત્, સુવ્યવસ્થા એટલે દરિદ્રતા એમ તમારે કદી સમજવાનું નથી. તમારી પાસે થોડીએક વસ્તુઓ હોય, દસ-બાર પુસ્તકો અને થોડી અમથી ચીજો હોય, તો તો તમે સહેલાઈથી એ બધું વ્યવસ્થિત રાખી શકો છો. પણ આપણું લક્ષ્ય તો એ છે કે તમારી પાસે ઘણી ઘણી વસ્તુઓ હોય અને તેમાં પણ એક પદ્ધતિસરની, બુદ્ધિપૂર્વક એક સજ્ઞાન રીતની વ્યવસ્થા ઊભી કરી હોય. અને એ માટે એક વ્યવસ્થાશક્તિની જરૂર રહે છે.આ શક્તિ દરેક જણમાં હોવી જોઈએ, દરેક જણે મેળવવી જોઈએ. બેશક તમે શારીરિક રીતે અશક્ત હો, તમે બીમાર હોય અથવા તો અપંગ થઈ ગયા હોય અને તમારામાં પૂરતી શક્તિ ન હોય તો એ જુદી વાત છે. પણ એમાં પણ પાછી અમુક હદ તો હોય જ છે. મેં એવા માંદા માણસો પણ જોયા છે કે જે તમને કહેશે કે 'પેલું ખાનું ખોલો તો જરા એમાં ડાબી બાજુએ કે જમણી બાજુએ કે પછી તળિયાના ભાગમાં અમુક અમુક ચીજ તમને મળશે.' એ લોકો પોતે હાકીચાલી શકતા નહોતા, વસ્તુઓની લે-મૂક કરી શકતા નહોતા, પણ તે કયાં રહેલી છે તે બરાબર જાણતા હતા. આવા દાખલાઓ બાદ કરીએ તો પણ આપણો આદર્શ તો વ્યવસ્થા માટેનો સંગઠન અને સુયોજન માટેનો જ હોય. દા.ત. તમે એક લાઈબ્રેરી લો. ત્યાં હજારો હજારો પુસ્તકો હોય છે. પણ તે બધાં જ ગોઠવેલાં, વર્ગીકરણ કરેલાં, ચોપડામાં નોંધાયેલા હોય છે. પુસ્તકનું તમે માત્ર નામ જ બોલો અને થોડીક જ મિનિટમાં એ આવીને તમારા હાથમાં પડે છે.

તમારી પ્રવૃત્તિ તમારે આ રીતે જ વ્યવસ્થિત કરવી જોઈએ. તમારે તમારી પ્રવૃત્તિ કાળજીપૂર્વક પસંદ કરવી જોઈએ. તમારાથી થઈ શકે તેટલું જ કામ માથે લેવું જોઈએ અને તેને બરાબર પાર પાડવું જોઈએ. ઘણી વાર તમે બધું પડતું કામ માથે લઈ લો છો અને એ કામમાં ઘણી વસ્તુઓ નકામી પણ હોય છે. એ નકામી વસ્તુઓને તમે કાઢી નાખી શકો છો યા તો ઠીક ઠીક ઓછી કરી શકો છો.

કામ કરવામાં આપણો જે વખત જાય છે તેને ઘટાડવાની પણ એક રીત છે. એ રીત છે તમારી એકાગ્રતામાં વધારો કરતા રહેવાનો. એ માટે પ્રતમ તો તમે તમારા મનને શાંત પાડી દો. અને એ શાંત અવસ્થામાં એકાગ્ર બનતા જાઓ. આવી રીતે કામ કરતાં, પહેલાં જે વસ્તુમાં સામાય રીતે એક આખો કલાક ચાલ્યો જતો હતો તે હવે તમે તેથી ચોથા ભાગમાં કરી શકશો. અને એ રીતે તમારો ખૂબ ખૂબ વખત બચી જશે.

આમાં એક બીજી વસ્તુ પણ છે. એક કામ પૂરું ર્યા પછી હંમેશા તરત જ બીજું કામ ન ઉપાડતા, કામ પૂરું કરીને થોડો આરામ કરી લો. એમાંથી કામ કરતી વળે તંગ બની ગયેલાં તમારા સર્વ અંગોને આસાએશ મળશે, એમાં એક નવી શક્તિ પુરાશે અને પછી પાછા તમે એકાગ્રતાનો બીજો હમ્રો શરૂ કરી શકશો.

- શ્રીમાતાજી

nehalgadhavi101@gmail.com

# ભ્રષ્ટાચારની ગંગોત્રી : કૌટિલ્યના અર્થશાસ્ત્રથી લઈને લોકરક્ષકકાંડ લગી

**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**



પવિત્ર ગંગા નદી હવે અબજોના ખર્ચે પણ શુદ્ધ થતી નથી. ગુજરાતીમાં તો ભ્રષ્ટાચાર સાથે ગંગોત્રીનું નામ પણ જોડાઈ જ ગયું છે. અઢી હજાર વર્ષ પહેલાં થઈ ગયેલા અને ''પૂર્વના મૅકિયાવેલી'' તરીકે ઓળખાયેલા કૌટિલ્યે લખેલા રાજયશાસન વ્યવસ્થા (પૉલિટી) અંગેના ગ્રંથ ''અર્થશાસ્ત્ર''ની એકાદ સદી પહેલાં મળેલી હસ્તપ્રત પછી દુનિયાભરમાં એની ચર્ચા રહી. કૌટિલ્ય પણ શાસન વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર હોય જ એવું લખે છે,પણ એને નાથવાના ઉપાયો જરૂર સૂચવે છે. આઝાદ ભારતમાં પણ ભ્રષ્ટાચાર ક્યારેક મુદ્દો બને છે તો ક્યારેક શિષ્ટાચાર તરીકે સ્વીકારાઈ જાય છે. બધા જ રાજકીય પક્ષો પારદર્શી શાસનના અગસ્ત્ય ઋષિ જેવા વાયદા તો કરે છે,પણ ભ્રષ્ટાચાર જુદા જુદા સ્વરૂપે વ્યવસ્થામાં પોતાનો પ્રભાવ પાથરતો જાય છે. સરકારી નોકરીમાં જોડાવા માટે પહેલાં પ્રવેશ પરીક્ષા પાસ કરવા આગોતરી વ્યવસ્થા પેટે લાખો રૂપિયા ચૂકવીને ઉમેદવારોને પહેલાંથી પ્રશ્નપત્ર ફોડી દેવાની કે ઈન્ટર્વ્યૂમાં પસંદગી માટે નાણાં સાટે પાકું કરી દેવાના કૉન્ટ્રેક્ટ લેવાની એજન્સીઓ ચાલે છે. આ બધું રાજકીય સત્તાધીશો અને સંબંધિત અધિકારીઓની સામેલગીરીથી ચાલે છે. કૌભાંડ બહાર આવે તો નાનાં માછલાં પકડાઈ જાય છે અને મોટાં માથા એમને બચાવી લેવાની વેતરણમાં રહે છે.

**પરીક્ષાનાં પેપર ફોડવાનો ધંધો**

દેશવિદેશમાં ક્યારેક ગુજરાત મોડેલની ખૂબ ચર્ચા હતી.આજકાલ ગુજરાત સરકારી નોકરીઓનાં મહાકૌભાંડોના નામે બદનામ થઈ રહ્યું છે. તલાટી ભરતી કૌભાંડ, શિક્ષક પરીક્ષા (ટાટ) કૌભાંડ પછી હવે તાજું લોકરક્ષક પરીક્ષા કૌભાંડ ચર્ચામાં આવ્યું છે.અગાઉનાં કૌભાંડોની તપાસ અને ધરપકડો પછી પાછું બધું શમી જતું હોય છે.તાજેતરમાં આઠ-નવ લાખ કરતાં વધુ ઉમેદવારો માત્ર નવ હજાર જેટલી લોકરક્ષક (હંગામી-ફિક્સ પગારવાળા પોલીસ કોન્સ્ટેબલ, જેમને પાંચ વર્ષ પછી કાયમી નોકરીમાં સમાવાય)ની જગ્યાઓ માટેની પરીક્ષામાં બેસવાના હતા. આવા તબક્કે જ તેમની પરીક્ષાનું પ્રશ્નપત્ર ફૂટ્યું. કેટલાકને એ પ્રશ્નપત્રની આન્સર-કી લાખોમાં વેચવાનું પ્રકરણ બહાર આવ્યું.એ દ્રષ્ટિએ સમગ્ર પ્રકરણનો અંદાજ ૪૫૦ કરોડ રૂપિયાના કૌભાંડનો મૂકાય છે. વાડ જ ચીભડાં ગળતી હોય એવો માહોલ સામે આવ્યો.પોલીસ અધિકારીઓ અને સત્તારૂઢ ભાજપના હોદ્દેદાર કાર્યકરોની એમાં સંડોવણી બહાર આવતાં એમની ધરપકડો અને પોલીસ રિમાન્ડનો દોર શરૂ થયો. મીડિયાને મસાલો મળ્યો અને પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ)ના સંયોજક હાર્દિક પટેલે તો રાજ્યની ભાજપ સરકારના મંત્રી રહેલા શંકરભાઈ ચૌધરી પર આ પ્રકરણમાં સંડોવણીના ખુલ્લા આક્ષેપ કર્યા. સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ થવાને બદલે એને રાજકીય સ્વરૂપ મળી ગયું છે. રાજકીય નેતાઓ અને ચળવળકારો તથ્યોને આધારે વાત કરવાને બદલે બેફામ વાણીવિલાસ કરતા વધુ જણાય છે. આમપણ, રાજકીય શાસકોનો વહીવટીતંત્ર પર કડપ કેવો છે એના પર ઘણો બધો મદાર છે. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ભાગ્યેજ આવાં કોઈ કૌભાંડો કે ભરતી કૌભાંડોની ચર્ચા જોવા મળતી હતી. અત્યારે છાસવારે આવા ઘટનાક્રમની ગાજવીજ થયા કરે છે. કૅબિનેટમાં બેઠેલા મહાનુભાવો સુધી આક્ષેપ અને પ્રતિઆક્ષેપ થયા કરે છે, પણ અંતે તો પાણી વલોવીને માખણની અપેક્ષા કરવા જેવું ચિત્ર ઊભું થાય છે.

**ભ્રષ્ટાચાર બન્યો શિષ્ટાચાર**

ભારતીય વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીના યુગમાં એમના નામે એક વાક્ય ખૂબ પ્રચલિત બન્યું હતું: ભ્રષ્ટાચાર તો શિષ્ટાચાર બની ગયો છે. અત્યારે ફેક ન્યૂઝ અને પ્લાન્ટિંગ ઑફ ન્યૂઝના યુગમાં સમજવું મુશ્કેલ છે કે ખરેખર એ વેળાનાં વડાપ્રધાન શ્રીમતી ગાંધીએ આવું કહ્યું હતું કે એમના નામે એ કથનને ચડાવી દેવાયું હતું. જોકે એમના મોટા પુત્ર રાજીવ ગાંધી વડાપ્રધાન હતા ત્યારે ૧૯૮૫માં મુંબઈમાં કૉંગ્રેસ પક્ષની શતાબ્દી ઉજવણી વખતે એ વાક્ય જરૂર બોલ્યા હતા કે દિલ્હીથી હું એક રૂપિયો ગામડે મોકલાવું છું પણ એ ગામ સુધી પહોંચતાં માત્ર ૧૫ પૈસા જ થઈ જાય છે. એનો અર્થ એ કે તેમણે આવા ભ્રષ્ટાચારની નાબૂદીની ઝુંબેશ ચલાવવાનો સંકલ્પ કર્યો હતો. દુનિયાભરમાં લશ્કરી દળો માટે થતા શસ્ત્રોના સોદાઓમાં વચેટિયા કે દલાલ હોય છે અને એમને દલાલી ચુકવાતી હોય છે.રાજીવે એવી દલાલી પ્રથાને બંધ કરવા વચેટિયાને ચુકવણું ટાળવાનો નિયમ કર્યો,પણ એ પોતે જ બોફોર્સના ૬૪ કરોડ રૂપિયાના વચેટિયાને ચુકવણીના કળણમાં ફસાઈ ગયા. ભારત સરકારે આજ લગી એ ૬૪ કરોડ રૂપિયા કોના ખિસ્સામાં ગયા એ શોધવા માટે ૫૫૦ કરોડ રૂપિયાથી વધુ રકમ ખર્ચી હોવા છતાં આજ લગી જાણી શકાયું નથી કે એ કોના ખિસ્સામાં ગયા!

**કૌટિલ્યના ''અર્થશાસ્ત્ર''માં બોધદર્શન**

હકીકતમાં તો અઢી હજાર વર્ષ પહેલાં તક્ષશિલા વિદ્યાપીઠ અને મૌર્ય સામ્રાજ્ય સાથે સંબંધ ધરાવતો કૌટિલ્ય કે ચાણક્ય માંડ પાંચસો વર્ષ પહેલાં અત્યારના ઈટલીમાં થઈ ગયેલા નિકોલો મૅકિયાવેલીનો પૂર્વજ ગણાય.રાજયશાસન વ્યવસ્થા અંગે વાસ્તવમાં ''ધ પ્રિન્સ''ના રચયિતા મૅકિયાવેલીને ''કૌટિલ્ય ઑફ વેસ્ટ'' તરીકે ઓળખાવવો જોઈએ. કમનસીબી તો જુઓ કે ભારત આઝાદ થયાને સાત દાયકા વીત્યા છતાં કોઈ યુનિવર્સિટીમાં ''અર્થશાસ્ત્ર'' ભાગ્યેજ ભણાવવામાં આવે છે. કેટલીક શિક્ષણ સંસ્થાઓમાં સંસ્કૃતમાં એનો આછેરો અભ્યાસ કરાવાય છે,પણ મૅકિયાવેલી જરૂર ભણાવાય છે! સરકારીતંત્રમાં ભ્રષ્ટાચાર હોય જ એ વાત કૌટિલ્ય ગાઈવગાડીને કહે છે, પણ એને અંકુશમાં કઈ રીતે લાવી શકાય એના ઈલાજ પણ એ બતાવે છે. ''અર્થશાસ્ત્ર''ના નવમા અધ્યાયમાં એ બાબતને વિગતે વર્ણવવામાં આવી છે. કૌટિલ્યનું ''અર્થશાસ્ત્ર'' મૂળ સંસ્કૃતમાં રચાયેલું છે. વર્ષ ૧૯૮૨માં સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયના અધ્યક્ષ એવા નિવૃત્ત આઈસીએસ અધિકારી તેમજ ભારતના કૅબિનેટ સચિવ ઉપરાંત નાણાં અને ગૃહ મંત્રી રહેલા એચ.એમ.પટેલે ''અર્થશાસ્ત્ર'' ગુજરાતીમાં ઉપલબ્ધ કરાવ્યું ત્યારે એમણે નોંધ્યું હતું કે રશિયન ભાષામાં ''અર્થશાસ્ત્ર'' પ્રકાશિત થયું ત્યારે એની લાખો નકલો વેચાઈ હતી. આવા ગ્રંથ પ્રત્યે સમગ્ર ભારત આજે પણ ઉદાસીન છે.

**જીભ પરના મધ અને ઝેર**

કૌટિલ્યના ગ્રંથના નવમા અધ્યાયમાં સંસ્કૃતમાં જે બોધ રજૂ થયો છે એ ગુજરાતીમાં કંઈક આવા શબ્દોમાં મૂકી શકાય : ''ઈચ્છા હોય કે ન હોય તો પણ જીભ પર મૂકેલા મધ કે ઝેરનો સ્વાદ અવશ્ય લેવાઈ જ જાય, એવી રીતે રાજાના ધનની લેવડ-દેવડનાં કાર્યો પર નીમાયેલા કર્મચારીઓ રાજધનનો થોડોક પણ સ્વાદ ન લે, એમ કદાપિ બની શકતું નથી.તેઓ ઓછા-વત્તા પ્રમાણમાં રાજધનનું અપહરણ અવશ્ય કરતા જ રહે.'' (૯:૩૬) ''આકાશમાં ઉડતાં પક્ષીઓની ગતિને જાણી શકાય છે,પરંતુ ગુપ્ત રીતે રાજાના ધનનું અપહરણ કરનારા રાજ કર્મચારીઓની ગતિને (ધન ઉચાપત કરવાની રીત કે પ્રકાર) જાણવાનું કામ અતિ કઠીન છે.'' (૯:૩૮) ''એટલા માટે આવા પ્રકારના કર્મચારીઓના વિષયમાં રાજા માટે ઉચિત છે કે, ધનનું અપહરણ કરીને માતબર થયેલા, તે અધ્યક્ષો અથવા કર્મચારીઓ પાસે કેટલું ધન છે, તે તેમની સમૃદ્ધિ-વૈભવ પરથી અથવા ગુપ્તચરો દ્વારા પ્રથમ, સારી પેઠે જાણી લઈને તેમની પાસેથી તે બધું જપ્ત કરી લેવું,પછી તે કર્મચારીઓને તેમના હોદ્દા પરથી નીચે ઉતારી મૂકવા ને તેમને હલકાં કામો પર નીમવા.જેથી તેઓ ફરીથી ધન અપહરણ ન કરી શકે ને અપહરણ કરેલું ધન તેઓ આપમેળે જ ઓકી નાંખે-પાછું આપી દે! (૯:૩૯) ''જે અધ્યક્ષો-કર્મચારીઓ રાજધનનું ક્યારેય અપહરણ કરતા નથી ને ન્યાયપૂર્વક રાજધનની વૃદ્ધિ કરવામાં સદા તત્પર રહે છે ને રાજાનું પ્રિય તથા હિત કરવામાં જ લાગેલા રહે છે તેવા અધ્યક્ષોને હંમેશાં ઉચ્ચ પદ પર નીમવા અને તેમના પગારમાં વધારો કરવો. (૯:૪૦) આનાથી ઉલટું વર્તમાન સમયમાં તમામ રાજકીય પક્ષો કેટલાક એવા લોકોને પણ ધારાસભા કે લોકસભા માટે પોતાના ઉમેદવાર બનાવીને એ પવિત્ર ગૃહોમાં મોકલે છે જે કાંતો પોતે સસ્પેન્ડ થયેલા પોલીસ કૉન્સ્ટેબલ હોય કે પછી કેટલાક ગુનાઓમાં સંડોવાયેલા હોય! વર્તમાન સમયમાં ફરીને લોકશાહી પરંપરાને મજબૂત કરવા અને પ્રજાના કલ્યાણ માટે ભ્રષ્ટાચારને વેગ આપનારાઓને બદલે વ્યક્તિગત અને જાહેર જીવનમાં સાધનશુદ્ધિનો આગ્રહ રાખનારા હોય તેવાઓને પ્રાધાન્ય આપવું. કમસે કામ જયારે ભારત સરકાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સાર્ધશતાબ્દી (૧૫૦મી) મનાવે છે ત્યારે તો આવો આગ્રહ સેવી શકાય.

- haridesai@gmail.com